# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૦૧/૦૫/૨૦૨૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૭૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૧૪ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૭૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૧૪ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ**
**આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ-** **સમાચાર યાદી નં.૫૭૭/૨૦૨૫**

**(૧)** ઓઢવ પો.સ્ટે. ગુ.ર.નં.૨૩૭/૨૦૧૭ ઈપીકો કલમ ૩૦૨, ૧૧૪, ૧૨૦(બી) મુજબ તથા સેશન્સ કેસ નં.૪૪૫/૨૦૨૩ મુજબ ગુનાના કામે આરોપી બેન કાજલ ઉર્ફે જાયરા વા/ઓ જાવેદ ઉર્ફે રોહિત સ/ઓ ઈકબાલ બુંદુ અંસારી(મુસ્લીમ)(ઉ.વ.૩૨)(રહે.મ.નં.૨, પ્લોટ નં.૧૮૫, બળદેવભાઈ રબારીના મકાનમાં, ભવાનીનગરનો ટેકરો, રબારી વસાહત ઓઢવ અમદાવાદ શહેર)(મુળ રહે. ગામ-સુનાડા, તા.કપડવંજ જી.ખેડા) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી બી.બી.જાદવ સાહેબ, અધિક સત્ર ન્યાયધીશ, કોર્ટ નંબર-૧૭, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**(૨)** ઓઢવ પો.સ્ટે. ગુ.ર.નં.૪૫/૨૦૨૦ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૩) મુજબ તથા સેશન્સ પોક્સો કેસ નં.૪૫/૨૦૨૦ મુજબ ગુનાના કામે આરોપી અજયકુમાર સ/ઓ ઈન્દ્રરાજ પ્યારેલાલ કશ્યપ)(ઉ.વ.૨૨) (રહે.જયંતિલાલ ભરવાડના મકાનમાં, ચુનારવાસ, ઓઢવ ગામ, અમદાવાદ) (મુળ રહે. જફરગંજ પોસ્ટ ખજવા થાના-જફરગંજ કતરાઈ જી.ફતેપુર યુ.પી.) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નાસતા-ફરતા હોય નામદાર જજ શ્રી એ.બી.ભટ્ટ સાહેબ, અધિક સત્ર ન્યાયધીશ(પોક્સો એક્ટ), કોર્ટ નંબર-૨૨, સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૫/૦૫/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

**છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૫૭૮/૨૦૨૫**

**શાહીબાગઃ** જૈનીબેન વા/ઓ અમન મહેતા (ઉ.વ.૩૦)(રહે.મણીભદ્ર એન્કલેવ રાજસ્થાન હોસ્પિટલ સામે શાહીબાગ) એ તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૪/૨૦૨૫ ના કલાક ૩/૫૦ થી તા.૨૫/૦૪/૨૦૨૫ ના કલાક ૧૧/૦૫ વાગ્યા દરમ્યાન કોઇ અજાણી વ્યકિતએ યુક્તિ પ્રયુક્તિ વાપરી જૈનીબેનની GOOGLE PAY એપ્લીકેશનમાંથી ઓનલાઇન UPI ટ્રાન્જેકશન દ્વારા GOOGLE PAY UPI ID vivxkt2-2@okaxis માં રૂપિયા ૬૦,૦૦૦/– તથા Amar Patel જેની GOOGLE PAY UPI ID pamar3479-8@oksbi માં રૂપિયા ૩૯,૫૦૦/– મળી કુલ રૂપિયા ૯૯,૫૦૦/– ઉપાડી લઇ જૈનીબેન સાથે છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એમ.એ.આંબલીયા ચલાવે છે.

**સોનાની કંઠી ખેંચી તોડી લઇ ગયાઃ–** **સમાચાર યાદી નં.૫૭૯/૨૦૨૫**

**વાડજઃ** સરોજબેન વા/ઓ શ્રવણકુમાર અગ્રવાલ (ઉ.વ.૫૪)(રહે,ન્યુ પાવાપુરી સોસાયટી આંગન ઓઝોન સામે નવા વાડજ) તા.૨૯/૦૪/૨૦૨૫ સવારના ૬/૧૫ વાગ્યાના સુમારે અમરનાથ મહાદેવના મંદિરથી દર્શન કરીને પરત ઘરે જતા હતા ત્યારે નવા વાડજ સીન્ડીકેટ સોસાયટીના પાછળના ગેટ નજીક એક મોટરસાયકલ ઉપર આવેલ બે પુરૂષએ ભેગામળી સરોજબેનના ગળામાંથી તુલસીના મણકાની સોનાની કંઠી કિંમત રૂપિયા ૧,૦૫,૦૦૦/– મતાની ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સરોજબેન અગ્રવાલએ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.આર.આલ ચલાવે છે.

**બીજા માળેથી પડી જતાં મૃત્યુઃ–** **સમાચાર યાદી નં.૫૮૦/૨૦૨૫**

**રાણીપઃ** મુકેશભાઇ મોતીસિંહ યાદવ (ઉ.વ.૫૦)(રહે,ગલી નંડુ, પરીહારનગર, ભાર્ગવ રોડ, મેઘાણીનગર) તા.૩૦/૦૪/૨૦૨૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે રાણીપ નવી સૈન્ટ્રલ જેલના ગેટ સામે નવા રેલ્વે ક્વાટ્ર્સ ખાતે નવા બનતા બ્લોકના બીજા માળે કલરકામ કરતી વખતે કોઇ કારણસર બીજા માળેથી નીચે પટકાતા શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનુ સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયમાલભાઇ પુંજાભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૫૮૧/૨૦૨૫**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** દિપેશ મહેશભાઈ દંતાણી (ઉ.વ.૨૦)(રહે.રાજનગર મીલની ચાલી, ઈદગાહ બ્રીજ પાસે, માધુપુરા) એ અગમ્ય કારણોસર તા.૩૦/૦૪/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યા પહેલા દધીચીબ્રીજ નીચે રિવરફ્રંટ ઘાટ નંબર–૦૫ નજીક નદીમા ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમણભાઈ અરજણભાઈ ચલાવે છે.

**મેઘાણીનગરઃ** કલ્યાણસિંહ કિશનસિંહ તોમર (ઉ.વ.૩૪)(રહે.શિવ–શક્તિનગર કુંભાજીની ચાલી, રામેશ્વર, મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૪/૨૦૨૫ બપોરના ૧૨/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાના શરીરે પેટ્રોલ છાંટી સગળી જતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૦૪/૨૦૨૫ સવારના ૮/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશભાઇ સુકાભાઇ ચલાવે છે.

**નિકોલઃ** રાહુલ સ/ઓ રાધામોહન સૈની (ઉ.વ.૨૧)(રહે. સમાજ નવરચના સોસાયટી, ખોડીયારનગર રોડ, નિકોલ મુળ ગામ:- મુરલીપુરા કરોલી વોર્ડ નંબર-૦૩ કરોલી રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૪/૨૦૨૫ બપોરના ૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભાવેશકુમાર રમણીકલાલ ચલાવે છે.

**નારોલઃ** દિવીકાબેન અનિલભાઇ ચુનારા (ઉ.વ.૧૫)(રહે.ચુનારાવાસ, તલાવડીની બાજુમા, નારોલ ગામ, નારોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૪/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આઇ.રાઠોડ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી